# ધાનેરામાં મધુસુદન માર્કેટના વેપારીઓ દ્વારા ગણપતિ દાદાની વાજતે ગાજતે સ્થાપના

## લોકોને પ્રસાદરૂપે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાયું

દર વર્ષ ની જેમ આ વર્ષે પણ બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં મધુસુદન માર્કેટ ના વેપારીઓ ધ્વરા ગણપતિ દાદાની વાજતે ગાજતે સ્થાપના કરી હતી અને પૂજા અર્ચના કરી હતી અને લોકો ને પ્રસાદ રૂપે આયુર્વેદિક ઉકાળા નુંપણ વિતરણ કર્યું હતું.



ભારતીય સંસ્કૃતિના સુસ્કૃતિના સુસંસ્કારોમાં કોઈ કાર્યની સફળતા માટે પહેલા તેના મંગલા ચરણ કે પછી પૂજ્ય દેવોની વંદનાની પરંપરા રહી છે. કોઈ કાર્યને વ્યવસ્થિત રીતે નિર્વિઘ્નપૂર્વક સંપન્ન કરવા માટે સૌ પ્રથમ શ્રીગણેશની વંદના અને અર્ચનાનુ વિધાન છે. તેથી સનાતન ધર્મમાં સૌ પ્રથમ શ્રીગણેશની પૂજાથી જ કોઈ કાર્યની શરૂઆત થાય છે. શ્રી ગણેશ પૂજા ખૂબ જ મહત્વપૂર્ણ અને કલ્યાણકારી છે. ભલે તે કોઈ કાર્યની સફળતાને માટે કે પછી ભલે કોઈ કામનાપૂર્તિ સ્ત્રી, પુત્ર, પૌત્ર, ઘન, સમૃધ્ધિને માટે કે પછી અચાનક જ કોઈ સંકટમાં પડેલ દુઃખોના નિવારણ માટે હોય. અર્થાત જ્યારે ક્યારેક કોઈ વ્યક્તિને કોઈ અનિષ્ટની આશંકા હોય કે પછી તેને વિવિધ શારીરિક કે આર્થિક કષ્ટ ઉઠાવવા પડી રહ્યા હોય તો તેણે શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક કોઈ યોગ્ય અને વિદ્વાન બ્રાહ્મણના મદદથી શ્રીગણપતિ પ્રભુ અને શિવ પરિવારનુ વ્રત, આરાધના અને પૂજન કરવુ જોઈએ. ત્યારે આજે ધાનેરા મધુસુસદન માર્કેટ ના વેપારીઓ ધ્વરા ગણપતિ દાદા નું ખુબજ ઉત્સાહ સાથે સ્થાપના કરી હતી અને પૂજા આરતી કરી હતી ધાનેરા માં પૂર ની પરિસ્થિતિ બાદ ભારે ગંદકી ફેલાઈ હતી અને ધાનેરા ભારે રોગચાળો ફેલાવાની આજે પણ દહેશત જોવા મળી રહી છે.



આજે ગણેશ ચતુર્થીના દિવસે પાલનપુરમાં ઠેર ઠેર ગણેશજીની વાજતે ગાજતે સ્થાપના કરવામાં આવી હતી. ગણેશ મોહત્સવને લઈને શહેરમાં અનેક વિસ્તારમાં સાંસ્કૃતિક તેમજ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પાલનપુરના હાર્દ સમા ગુરુનાનક ચોક ખાતે વર્ષોની પરંપરા મુજબ ગણેશ મોહત્સવનો આજથી આરંભ કરવામાં આવ્યો છે. પાલિકા પ્રમુખ નિલમબેન જાનીના નિવાસસ્થાનેથી ગણેશની શોભયાત્રા નીકળી ગુરુનાનક ચોક ખાતે વિધિવત સ્થાપના કરવામાં આવી હતી. તેમજ ગણેશ મોહત્સવ દરમિયાન રાત્રીના સમયે જાણીતા કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# પ્રાંતિજ ખાતે વાજતે ગાજતે ગણપતિ દાદાનું સ્થાપન

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લા સહિત જિલ્લાઓમાં ગણેશ મહોત્સવની દરવર્ષની જેમ ગણેશ મહોત્સવની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી છે. ત્યારે પ્રાંતિજ ખાતે પણ ઠેરઠેર ગણપતિ બાપ્પા મોરિયાના જયઘોષ સાથે ઘરે-ઘરે તથા વિવિધ યુવક મંડળો દ્વારા સાર્વજનિક સ્થાપના કરવામાં આવી છે.

પ્રાંતિજ ખાતે પણ દર વર્ષની જેમ ગણપતિ દાદાની મૂતિઓને તેમનાં પંડાવ સુધી લાવવા માટે વિવિધ યુવક મંડળો દ્વારા ઢોલ નગારા ડીઝેના તાલ સાથે લઈ જવામાં આવી હતી. જેમાં લાલ દરવાજા, રેલ્વેસ્ટેશન, પંડયાપોળ, ગુજ્જરની પોળ તથા આંટીયાવાસ ખાતે સ્થાપના કરવામાં આવી છે. ત્યારે લાલ બાદશાહ તરીકે ઓળખાતાં ગણપતિ બાપ્પાની મૂર્તિનો પણ વરઘોડો આંટીયાવાસ યુવક મંડળ દ્વારા ગામમાં ફેરવી દર વર્ષની જેમ વાજતે ગાજતે ડીઝેના સંગ સાથે પંડાવ સુધી લઈ જવામાં આવ્યો હતો. અને દસ દિવસ માટે સ્થાપના કરવામાં આવી છે. જેમાં ગણેશ ભકતો સહિત ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ જગ્યાઓ ઉપર દરવર્ષની જેમ ભગવાન ગણેશની મૂર્તિઓનું યુવક મંડળો દ્વારા સ્થાપના કરવામાં આવ્યું છે.

# પ્રાંતિજમાં જૈન સમાજના ધર્મપ્રેમી શ્રાવકો દ્વારા પર્યુષણ પર્વની ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરમાં રહેતા જૈન ધર્મ ના ભાઈ-બહેનો દ્વારા પ્રવિત્ર પર્યુષણ મહાપર્વમાં સવોત્સરીના શ્રમાપના પર્વમાં શ્રી ધર્મનાથ જિનાલયમાં ભવ્યાતિભવ્ય અંગરધના કરવામાં (આંગી) બનાવવામાં આવી હતી. જૈન ધર્મના ભાઈ-બહેનોએ આંગી દર્શન કરી ધન્યતા અનુભવી હતી.



ખેડબ્રહ્મામાં મહિલાઓએ કેવડાત્રીજની પૂજા કરી જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ જોડાઈ હતી.

# ભિલોડા વિસ્તારમાં ગામે - ગામ ગણપતિ સ્થાપન : ધાર્મિક માહોલ

ભિલોડા. તા. ૨૫

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર ગણેશ સ્થાપન યોજાયું હતું. ગણેશ મહોત્સવના શુભારંભે ઠેર-ઠેર ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. વિઘ્નહર્તા, મંગલકર્તા ગણપતિ ગજાનંદ દેવની ભક્તિ આરાધનામાં લીન થવાનો તહેવાર અને ગણેશચર્તુર્થીના દિવસથી પ્રારંભ થઈ જતાં ભિલોડા અને ગ્રામ્યવિસ્તારોમાં ઠેર-ઠેર ગણેશજીની અવનવી મુર્તીઓની સ્થાપન વિધિવિધાન પુર્વક કરતાં ભાવિક ભક્તો ગણેશમય બની ગયા હતા.

ભિલોડામાં પ્રથમ દિવસે જ ગણેશજીનું સ્થાપન કરી ભાવિક ભક્તોએ પૂજા, અર્ચના, પ્રાર્થના, આરતી કરી પ્રસાદીરૂપે મોતીચુરના લાડવા અને ગણેશજીને પ્રિય એવા મોદકના લાડુનો ભોગ ધરાવી ભાવિક ભક્તો ગણપતી ગજાનંદના દર્શનાર્થે મોટી સંખ્યામાં ઠેર-ઠેર ભક્તો ઉમટી પડ્યા હતા. ગણેશજીના ભાવિક ભક્તોનો મોટો સમુદાય તહેવારની ઉજવણીમાં મશગુલ બની જતાં બજારોને પણ નવું જોમ મળ્યું છે. આજે ગણપતી મહોત્સવના પ્રારંભ સાથે અનેક વિસ્તારોમાં દુંદાળા દેવ ભગવાન ગજાનંદની વાજતે-ગાજતે ભવ્ય શોભાયાત્રાઓ નીકળતાં ગણેશ ભક્તોએ અબીલ-ગુલાલની છોળો ઉડાડી ગણેશ મહોત્સવનો ધમાકેદાર પ્રારંભ કરાવ્યો હતો. આજે શોભાયાત્રા દરમ્યાન શ્રધ્ધાળુ ભક્તોએ ગણપતી બાપા મોરિયાના નાદથી વાતાવરણને ગુંજવી દીધું હતું. ગણેશ મંડળો ધ્વારા સમગ્ર મહોત્સવને આનંદ, ઉત્સાહ, ભકિત ભાવપુર્ણ વાતાવરણમાં ઉજવણી કરવા ભવ્ય આયોજનો કર્યા છે. ગણેશસ્થાપન, પૂજન અર્ચન, લોકડાયરા સહિત ભવ્ય આયોજનો આયોજકોએ કર્યા હોવાનું જાણવા મળ્યું છે. ગણેશ મહોત્સવનો મહિમા, પ્રભાવ દિન-પ્રતિ-દિન વધવા લાગ્યો છે. ભિલોડાના ખાડીયા ચોકમાં સતત ૪૧માં ગણેશ મહોત્સવનું આયોજન હાથ ધરાયુ છે. ભિલોડાના શાંતિનગર, નવાભવનાથ, માધવ ચોક, ચૌધરી ચોક સહિત અનેક વિસ્તારોમાં ભવ્યતમ ગણેશમહોત્સવ નિમિત્તે ભવ્યાતિ ભવ્ય આયોજનો કરાયા છે. આજે વહેલી સવારથી જ ગણેશ ચતુર્થીના પ્રારંભ નિમિત્તે ભક્તોમાં આનંદ, ઉત્સાહ પ્રવર્તતો હતો.



# તલોદ મામલતદાર કચેરીની આડોડાઈથી લાભાર્થીઓ સરકારી સહાયથી વંચિત

તલોદ મામલતદાર કચેરીની આડોડાઈથી ઘણા સમયથી સરકારી સહાયથી ઘણા ગરીબો વંચિત રહ્યાં છે. વારંવાર લાભાર્થીઓ ધક્કા ખાય છે. સ્ટાફ દ્વારા તોછડાઈ ઉદ્ધતાઈપૂર્વક વર્તન કરવામાં આવે છે. ઉચ્ચકક્ષાએ પણ રજૂઆતો લાભાર્થીઓએ કરેલ છે. ખોટા લાભાર્થીઓ ભ્રષ્ટાચાર આચરીને લાભ લઈ જાય છે. સાચા લાભાર્થીઓ ગરીબીથી લાચાર બને છે. વૃદ્ધા પેન્શન, અપંગ સહાય, વિધવા પેન્શન જેવી ૭૦૦ લાભાર્થીઓ ટળવળી રહ્યા છે. તો યોગ્ય કાર્યવાહી કરવાની જરૂરિયાત છે. મામલતદાર કચેરી કોઈ જવાબદારી સ્વીકારવા તૈયાર નથી. વડી કચેરીએથી સહાય આવેલ નથી તેમ કહી ધક્કા ખવડાવે છે.

# તલોદમાં ગણેશ મહોત્સવનો ઠેર ઠેર વિધિવત પ્રારંભ

તલોદ તાલુકાના પ્રસિદ્ધ મંદિરો તેમજ ગર-ગથ્થુ ભાવિકો દ્વારા ગણેશ મહોત્સવનો વિધિવત વાજતે ગાજતે પ્રારંભ કરવામાં આવ્યો છે. તલોદ શહેર તેમજ તાલુકામાં ઠેર ઠેર દુંદાળા દેવ ગણપતીનાં વધામણા કરી વાજતે ગાજતે મંત્રોચ્ચાર સાથે પૂજાપાઠ કરી મહાઆરતી સાથે બેન્ડવાઝાના વાજીંત્રોથી સ્થાપતાં કરવામાં આવી છે. ઠેર ઠેર આયોજકો દ્વારા લોકડાયરો, મ્યુઝીકલ નાઈટ, રાશ-ગરબા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોની જમાવટોથી ગણેશ મહોત્સવ સતત દસ દિવસ સુધી ગુંજી ઉઠશે. અને મોડી રાત્રીએ ચા-નાસ્તો અને નવરાત્રીની જેમ લ્હાણી પણ કેટલીક જગ્યાએ આપવામાં આવે છે તેમ આયોજકોએ જણાવ્યું છે.

ગણેશજીની અવનવી વિવિધ મુદ્રાઓવાળી મૂર્તિઓ સ્થાપનોમાં આકર્ષણ જમાવી રહી છે. તાલુકા અને શહેરમાં ઉજવાતા ગણેશ મહોત્સવની વિવિધ સ્થળોએ સેવાભાવી ભક્તો દ્વારા એક ફૂટથી લઈને ૨૧ ફૂટ સુધીની ગણેશજી નામધારી કલાકૃતિઓ સાથેની ગણેશજીની મૂર્તિઓ વિવિધ સંસ્થાઓ મંડળો અને ભાવિભક્તોની ઉપસ્થિતિમાં પ્રવર્તી રહી છે.

ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ વર્ષે ગણેશ મહોત્સવ દરમ્યાન કેમીકલ કલર યુક્તવાળી ફાયરકલેની બનાવટથી તૈયાર કરાયેલી ગણેશજીની મૂર્તિઓ ખરીદવા રાષ્ટ્રજોગ સંદેશ આવ્યો છે. ત્યારે ચિનાઈ માટીની બિન નુકશાનકારક કલરયુક્ત ઈકો ફ્રેન્ડલી ગણેશજીની આબેહૂબ મૂર્તિઓની ધાર્મિક વિધિવિધાનપૂર્વક કર્મકાંડી બ્રાહ્મણો પાસેથી સ્થાપન કરાવ્યું છે. મહારાષ્ટ્રની જેમજ તલોદ તાલુકામાં ઠેર ઠેર દર વર્ષ વધારેમાં વધારે દૂંદાળા દેવનું આગમન કરવામાં વધારો થઈ રહ્યો છે. વિધિવત સ્થાપન કરી ગણેશજીને પ્રિય એવા મોદકનો પ્રસાદ ધરાવવામાં આવે છે. જેમ મોટી સંખ્યામાં મહાલ્લાઓ, શેરીઓ, સોસાયટીઓ અને જાહેર માર્ગો મોડી રાત્રી સુધી ખાણી-પીણી ચીજોથી મેળા જેવો માહોલ સર્જાય છે.





અરવલ્લીના ધનસુરામાં અને શીકામાં આકરૂંન્દ સહિત તાલુકામાં ગણેશચતુર્થીના પર્વની ઉજવણી થઈ હતી. ગણપતીજીની સ્થાપના કરવામાં આવી હતી. ભક્તોએ ગણેશજીની પૂજા અર્ચના કરી હતી.

# પાલનપુર મુકામે સંકલ્પથી સિદ્ધિ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૨૫

પાલનપુર મુકામે શ્રમ અને રોજગાર તથા દેવસ્થાન અને યાત્રાધામ વિકાસ મંત્રી તથા જિલ્લાના પ્રભારી મંત્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષસ્થાને સંકલ્પથી સિધ્ધિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું કે આપણા દેશને આઝાદી અપાવવામાં કેટકેટલાં વીર શહીદોએ બલિદાનો આપ્યા છે ત્યારે મહામુલી આઝાદી મળી છે. તેમણે કહ્યું કે ઈ.સ.૧૯૪૨ માં હિન્દ છોડો ચળવળની શરૂઆત થઈ હતી. તેને અત્યારે ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે તેની ઉજવણીના ભાગરૂપે સંકલ્પથી સિધ્ધિ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. મંત્રીએ કહ્યું કે ૨૦૧૭ થી ૨૦૨૨ સુધી સંકલ્પ લઈ મંથન કરી આપણા દેશને સ્વચ્છ, સુંદર અને ભ્રષ્ટ્રાચાર તથા આતંકવાદમુક્ત બનાવીએ. તેમણે જણાવ્યું કે ૨૦૨૨ સુધી દેશને જ્ઞાતિ-જાતિના વાડામાંથી બહાર લાવી આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ન્યુ ઈન્ડીયાનું સપનું સાકાર કરીએ.



મંત્રી દિલીપકુમાર ઠાકોરે કહ્યું કે સંકલ્પ લઈને કરવામાં આવતુ કોઈપણ કાર્ય ચોક્કસ પૂર્ણ થાય છે. તેમણે ઉમેર્યુ કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બેટી બચાવો, બેટી પઢાવો, શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ, કૃષિ મહોત્સવ વગેરે જેવા સંકલ્પો પૂર્ણ કરીને ગુજરાતને આગવું ગુજરાત બનાવ્યું છે. તેમણે સરપંચોને અનુરોધ કરતાં કહ્યું કે પોતાના ગામને સ્વચ્છ, સુંદર, હરીયાળું બનાવી આપણા ગામને અગ્ર હરોળમાં મુકીએ. તેમણે જણાવ્યું કે આપણા બાળકોને સારુ શિક્ષણ મળે તે માટે રાજ્ય સરકાર ધ્વારા ઠેર ઠેર શિક્ષણની સરસ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે ત્યારે આપણા બાળકોને સારુ ભણાવીએ. મંત્રીએ કહ્યું કે તાજેતરમાં બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં આવેલ ભારે પૂરના સમયે સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બનાસકાંઠા જિલ્લામાં પાંચ દિવસનું રોકાણ કરી પરિસ્થિતિને પૂર્વવત કરવા તંત્રને જરૂરી દિશા-નિર્દેશો આપ્યા હતા. જેના પરિણામે જનજીવન ખુબ ઝડપથી ધબકતું કરી શકાયું છે.

# અરવલ્લી જિલ્લામાં ભારતીય બૌદ્ધ સંઘ યાત્રાનું ભવ્ય સ્વાગત

મોડાસા, તા. ૨૫

ભારતીય બૌદ્ધ સંઘ ગુજરાત પ્રદેશ આયોજીતનો પ્રારંભ ૩૦ જુનથી અમદાવાદ સારંગપુર આંબકટર પ્રજામાં કરવામાં આવ્યો હતો. આ યાત્રા ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા થઈને અરવલ્લી ખાતે આવ્યો હતો.





અરવલ્લી મોડાસા ખાતે વિશ્વ હિન્દુ પરીષદના ગ્રાઉન્ડમાં આ રથનું સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ત્યારે જયઘોષ અને પ્રજ્ઞાનંદ સાધુએ જણાવ્યું હતું કે સામાજિક સમરસતા સાથે સમાનતા દ્વારા સમાજમાં એકતા બનાવી રાખવાનો સંકલ્પનો મુખ્ય ઉદેશ છે. અને તેમને વધુમાં જણાવ્યું હતું કે સામાજિક સમસ્યાથી અખંડ ભારત મજબૂત બને છે. અને આ પણ ભારતના વિકાસ અને ઉત્થાન માટે સામાજિક સમરસતા જરૂરી છે. આ યાત્રાનું સમાપન ૩૦ ઓક્ટોબર ગીર ખાતે આવેલ સોમનાથ મહાદેવ ધામમાં સંઘ પ્રિય આરએસએસના મોહન ભાગવત હાજર રહીને આ યાત્રાનું સમાપન કરવાના છે જ્યારે મોડાસા ખાતે આ યાત્રાનું સ્વાગત દિલીપ પટેલ (અધ્યક્ષ વેલ્ફેર બોર્ડ ગુજરાત) જયંતીભાઈ પટેલ (સદસ્ય વેલ્ફેર બોર્ડ) ભાઈલાલભાઈ સુથાર તથા ચંદ્રકાંતભાઈ પટેલ (સહયોગ પેટ્રોલપંપ) તથા વિ.એચ.પી. બજરંગ તથા દુર્ગાવાહીનીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણા જિલ્લામાં ૬ સપ્ટેમ્બરથી નર્મદા મહોત્સવ યોજાશે

મહેસાણા, તા. ૨૫

મહેસાણા જિલ્લામાં આગામી ૬ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન મહેસાણા જિલ્લામાં મા નર્મદા મહોત્સવ યોજાનાર છે. જિલ્લામાં ૩૪૧ ગામોમાં નર્મદા રથ પરિભ્રમણ કરનાર છે. મહેસાણા જિલ્લામાં નર્મદા મહોત્સવની સમીક્ષા બેઠક જિલ્લા કલેકટર એચ.કે. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી.

ગુજરાતની જીવાદોરી બહુહેતુક નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમના દરવાજા બંધ કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકારે આપેલા ઐતિહાસિક નિર્ણયને પગલે ગુજરાતના ભાવિ વિકાસના દ્વાર ખૂલ્યા છે. આ ઐતિહાસિક નિર્ણયને જનભાગીદારીથી ઉમંગ-ઉત્સવ તરીકે રાજયમાં મા નર્મદા મહોત્સવથી ઉજવવાનું રાજ્ય સરકારે નક્કી કર્યુ છે. જે અંતર્ગત મહેસાણા જિલ્લામાં ૬ સપ્ટેમ્બરથી યોજાનાર નર્મદા મહોત્સવના તૈયારીના ભાગ રૂપે બેઠક યોજાઇ હતી.

જિલ્લા કલેકટર એચ.કે. પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકારના કૃષિ-સહકાર, શિક્ષણ, આરોગ્ય પરિવાર કલ્યાણ, મહિલા-બાળ વિકાસ, રમત-ગમત યુવક સેવા, ગ્રામવિકાસ, નર્મદા-જળસંપત્તિ, પાણી પૂરવઠા તથા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને સરદાર સરોવર નર્મદા નિગમમા નર્મદા મહોત્સવના આયોજનમાં સક્રિય ભૂમિકા નિભાવવાની છે. આ સમગ્ર મહોત્સવ 'સૌના સાથ સૌના વિકાસ'ના મંત્રને મા નર્મદાની જળક્રાંતિથી સાકાર કરનારો બહુઆયામી મહોત્સવ બનાવી લોકોને મા નર્મદાના લાભોથી માહિતીગાર કરવા જણાવ્યું હતું. જિલ્લામાં ૬ સપ્ટેમ્બરથી દસ દિવસ સુધી જિલ્લાના ૩૪૧ ગામોમાં ત્રણ રથ પરિભ્રમણ કરશે. જેમાં ઉંઝા તાલુકામાં ૬, મહેસાણા તાલુકામાં ૯૫, જોટાણા તાલુકામાં ૩૬, કડી તાલુકામાં ૧૧૦, બેચરાજી તાલુકામાં ૫૨, વિસનગર તાલુકામાં ૮, વડનગર તાલુકામાં ૫, ખેરાલું તાલુકામાં ૧૧, વિજાપુર તાલુકામાં ૧૮ મળી જિલ્લાના ૩૪૧ ગામોમાં ૨૭ રૂટમાં પરિભ્રમણ કરનાર છે.